# સાબરકાંઠામાં કોરોનાના વધુ ૧૪ કેસ

**પ્રાંતિજ તાલુકામાં ૦૮, ખેડબ્રહ્મામાં ૦૨, તલોદમાં ૦૨, વડાલી, ઇડરમાં ૦૧-૦૧ કેસ : પ્રાંતિજ તાલુકામાં સીતવાડામાં ૦૬, અમલાની મુવાડી અને મૌછામાં ૦૧ કેસ : વડાલી તાલુકાના કંજેલી, ઇડર તાલુકાના બોલુન્દ્રા તથા તલોદમાં ૦૨ કેસ : ખેડબ્રહ્માના આગીયા કોરન્ટાઇન સેન્ટરમાં રાખેલા કુવેતથી આવેલા ૦૨ દર્દીઓ કોરોના પોઝીટીવ મહારાષ્ટ્રના ઔરંગાબાદ, મુંબઇ અને સુરતથી આવેલા દર્દીઓમાં કોરોના પોઝીટીવ : જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૩ દર્દીઓમાં કોરોના પોઝીટીવ : ૦૩નામોત**

હિંમતનગર, તા.૨૩

સાબરકાંઠા જિલ્લામાં લોકડાઉન દરમિયાન કોરોનાના કેસોની સંખ્યામાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે ત્યારે શનિવારે પ્રાંતિજ તાલુકામાં ૦૮, તલોદમાં ૦૨,ખેડબ્રહ્મામા ૦૨, ઈડર અને વડાલી તાલુકામાં ૦૧-૦૧ દર્દી મળી કુલ ૧૪ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા આરોગ્ય તંત્રમાં દોડધામ વધી ગઈ છે. સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૮૩ દર્દીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. જયારે ૦૩ દર્દીઓના મોત નિપજયા છે. લોકડાઉનમાં આપવામાં આવેલી છુટછાટમાં કોરોના દર્દીઓમાં દિનપ્રતિનદિન વધારો થઈ રહ્યો છે ત્યારે તંત્ર દ્વારા કોઈ ચોક્કસ કામગીરી કરીને કોરોનાના પોઝીટીવ કેસોની સંખ્યામાં ઘટાડો થાય તેવી કામગીરી કરવામાં આવે એવુ જાગૃત નાગરિકોમાં ચર્ચાય છે.

આ અંગે આરોગ્ય વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થતા સમગ્ર વિસ્તારને સંવેદનશીલ જાહેર કરીને બહારગામથી આવેલા લોકોને હોમકોરન્ટાઈનમાં રહેવા માટેના આદેશ કરવામાં આવ્યા હતા. શનિવારે સીતવાડા ગામમાં રહેતા ૬ દર્દીઓના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. જેમાં રાઠોડ ગોવિંદસિંહ વદનસિંહ (ઉ.વ.૩૨), રાઠોડ શૈલેન્દ્રસિંહ પ્રવિણસિંહ આ બન્ને દર્દીઓ મહારાષ્ટ્રના ઔરંગાબાદ ખાતે આવેદ દેરાસરમાં પૂજારી તરીકે ફરજ બજાવતા હતા અને થોડા દિવસ પહેલા તેઓ ઔરંગાબાદથી પોતાના વતન સીતવાડા ખાતે આવ્યા હતા. તો બીજી તરફ ખુશીબા પ્રવિણસિંહ રાઠોડ (ઉ.વ.૧૦) સુરતથી પોતાની માતા સાથે ઘરે આવ્યા હતા. આ ઉપરાંત રાઠોડ પીન્ટુસિંહ બળવંતસિંહ (ઉ.વ.૩૪), રાઠોડ હંસરાજસિંહ પિન્ટુસિંહ (ઉ.વ.૧૨) અને ભૂમિકાબેન પિન્ટુસિંહ રાઠોડ (ઉ.વ.૧૦) મંબુઈથી આવ્યા હતા. જેની જાણ ગામના આગેવાનો દ્વારા આરોગ્ય વિભાગને કરવામાં આવી હતી અને હોમકોરન્ટાઈન કરીને તબીબોની ટીમ દ્વારા કોરોનાના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમનો શનિવારે રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત પ્રાંતિજ તાલુકાના અમલાની મુવાડી ગામમાં જળદીપસિંહ દોલતસિંહ (ઉ.વ.૨૦) અને મૌછા ગામમાં રાકેશગીરી ગણપતગીરી (ઉ.વ.૨૮) નામના દર્દીનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જયારે વડાલી તાલુકાના કંજેલી, ઈડર તાલુકાના બોલુન્દ્રા ગામમાં દિનેશભાઈ કાન્તીભાઈ (ઉ.વ.૫૦) અને તલોદ તાલુકામાં વધુ ૦૨ દર્દીઓ કોરોના પોઝીટવ હોવાનુ આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યુ છે.ખેડબ્રહ્મા તાલુકાના આગીયા કોરોન્ટાઈન સેન્ટરમાં રાખવામાં આવેલ અને કુવેતથી આવેલા રાજેન્દ્રભાઈ નાનજીભાઈ પાટીદાર (ઉ.વ.૫૧), નિતેશભાઈ ચંદનભાઈ સુથાર (ઉ.વ.૩૩)નો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.

## હિંમતનગરમાં કોરોના પોઝીટીવ દર્દી સાજા થતા રજા અપાઈ

**ડાયબીટીસ અને બીપીની બિમારીના દર્દી હોવા છતા મહિલાએ કોરોના સામેની લડાઇમાં જીત મેળવી**

હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે ત્યારે શનિવારે ડાયાબીટીસ અને બીપીની બિમારી સાથે સાથે કોરોના સામેના જંગમાં પણ મનોબળ મક્કમ રાખી જીત મેળવનાર મહિલા દર્દીને સારવાર બાદ રજા આપવામાં આવી હતી.

આ અંગે વિગત આપતા મેડીસ્ટાર હોસ્પિટલના નોડલ ઓફિસર ડાં.વિપુલ જાનીએ એક વાતચિતમાં જણાવ્યુ હતુ કે ગત તા.૮ મેના રોજ પાર્વતીબેન સુરેશભાઈ પરમારને મેડીસ્ટાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેઓનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. પાર્વતીબેન સુરેશભાઈ પરમાર ડાયાબીટીસ અને બ્લડ પ્રેસરની બિમારી સાથે કોરોનાની ઝપેટમાં આવતા તેઓની તબીયત વધુ લથડી હતી અને આઈસીયુ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં ડાં.ભગતરામ સોમાણી અને ડાં.નિરવ મહેતાની ભારે જહેમત બાદ તેઓએ કોરોના સામેનો જંગ જીતી સંપૂર્ણ સ્વચ્છ થયા હતા. શનિવારે તેમનો રીપોર્ટ નેગેટીવ આવતા તેઓને રજા આપવામાં આવી હતી.

## બડોલી ગામના એરિયાને કન્ટેટમેન્ટ જાહેર

ઈડર તાલુકાના બડોલી ગામે એક યુવતીનો કોરોના પોઝીટીવ રિપોર્ટ આવતા તંત્ર હરકતમાં આવ્યું હતું.જેને લઈને શનિવારના રોજ જે એરિયામાં યુવતીનું ઘર આવેલું છે તેના આજુબાજુના તમામ વિસ્તારને કન્ટેટમેન્ટ એરિયા જાહેર કરી તમામ રસ્તા બંધ કરી સમગ્ર એરિયા ને પડદા લગાવી બંધ કરી દેવાયો હતો. તેમજ બડોલી પંચાયત દ્વારા માસ્ક પહેર્યા વીના ફરતા લોકોને પાવતી આપી ૨૦૦ રૂપિયા લેખે ૪૦૦૦ રૂપીયાનો દંડ ૨૦ વ્યક્તિ પાસેથી વસુલ્યો હતો. તેમજ ગામમાં બપોરના ૧ વાગ્યા પછી સંપૂર્ણ રીતે બંધ રાખવાનો નિર્ણય પંચાયત દ્વારા લેવામાં આવ્યો હતો તેને વેપારીઓ દ્વારા સાથ સહકાર આપવાની તૈયારી બતાવી હતી.

## પ્રાંતિજ તાલુકામાં આઠ કેસો કોરોના પોઝિટિવ આવતાં તંત્રમા દોડધામ

**તાલુકામાં પોઝિટિવ કેસોનો આંક ૨૩ને પાર : જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસોનો આંક ૭૬ને પાર : સીતવાડામાં ત્રણ બાળકો સહિત કુલ- છને કોરોના પોઝિટીવ**

પ્રાંતિજ, તા.૨૩

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર પ્રાંતિજ તાલુકામાં એકજ દિવસમાં આઠ પોઝિટીવ કેસો નોંધાયા.

કોરોનાના કેસોમાં દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે ત્યારે પ્રાંતિજ તાલુકામાં આજે એક સાથે આઠ કેસો સામે આવ્યા છે. જેમાં પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામે ત્રણ બાળકો સહિત છ કોરોના પોઝીટીવ કેસો નોંધાયા છે. જેમાં (૧) રાઠોડ ગોવિદ સિંહ વદનસિંહ ઉ.વર્ષ- ૩૨ (૨) શૈલેન્દ્ર સિંહ પ્રવિણસિંહ રાઠોડ ઉ.વર્ષ- ૨૧(૩) રાઠોડ ખુશીબા પ્રવિણસિંહ ઉ.વર્ષ -૧૦ (૪) રાઠોડ પીન્ટુ સિંહ બળવંતસિંહ ઉ.વર્ષ- ૩૪ (૫) રાઠોડ હંસરાજ પીન્ટુ સિંહ ઉ.વર્ષ ૧૨ (૬) ભુમિકા પીન્ટુસિહ રાઠોડ ઉ.વર્ષ-૧૦. પ્રાંતિજ મૌછા ગામે પણ રાકેશગીરી ગણપતગીરી ગોસ્વામી ઉ.વર્ષ-૨૮ તો પ્રાંતિજ તાલુકાના અમલાની મુવાડી ખાતે પુનાથી આવેલ યુવક જયદિપસિંહ દોલતસિંહ ઝાલા ઉ.વર્ષ- ૨૦નો રીપોર્ટસ પણ પોઝીટીવ આવ્યો છે. તો જિલ્લા સહિત સ્થાનિક તંત્રમા દોડધામ મચી જવા પામી છે.

# ધનસુરા તાલુકામાં કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા

ધનસુરા તાલુકા માં કોરોના ના વધુ ૩ કેસ નોંધાયા છે.ધનસુરા ના અંબાસર માં ૨ મહિલાઓ ને કોરોના પોઝિટીવ આવ્યો છે આ ઉપરાંત ધનસુરાના વ્રજપુરા કંપામાં ૧૩ વર્ષિય કિશોર ને પણ કોરોના પોઝિટીવ આવ્યો છે. આમ ધનસુરા તાલુકામાં કોરોનાના વધુ ૩ કેસો મળી આવ્યા છે. તંત્ર ધ્વારા તકેદારીના ભાગરૂપે તમામને કોવિડ હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગામમાં સર્વે અને દર્દી કોના સંપર્કમાં આવ્યા છે તે તપાસ શરુ કરવામાં આવી હતી અને આરોગ્ય તંત્ર ધ્વારા સેનેટાઈઝિંગ કરવાની કામગિરી હાથ ધરવામાં આવી હતી. જેને લઈને અંબાસર અને વ્રજપુરા કંપાને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. અને આ ગામના ૫ કિ.મી. વિસ્તારને બફરઝોન જાહેર કરાયો હતો. તંત્ર ધ્વારા આ વિસ્તારોમાં કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો હતો અને અવર જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

## ખેડબ્રહ્માના આગીયામાં વધુ બે કેસ

ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામે કુવૈત થી આવેલ રાજસ્થાના ૩૬ લોકોને મોર્ડન સ્કૂલમાં કોરાંટાઇન કરવામાં આવ્યા હતા જેમાં ગત સપ્તાહમાં ૩ લોકોને પોઝીટીવ આવ્યા બાદ શનિવારના રોજ બાસવાડા ના રાજેન્દ્રકુમાર મનજીભાઈ પાટીદાર ૫૧ વર્ષ, અને નિતેશ કુમાર ચંદનકુમાર સુથાર ૩૩ વર્ષ નો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો જેમને હિંમતનગર રીફર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.





**પ્રાંતિજ તપોધન ફડી ખાતે જિલ્લા આરોગ્ય અધિકારીએ સ્થળ મુલાકાત લીધી**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તપોધન ફડી ખાતે જિલ્લા આરોગ્ય અધિકારી ડાં. રાજેશ પટેલે સ્થળ મુલાકાત લીધી તો આરોગ્ય વિભાગ દ્વારા ઘરે ઘરે પત્રિકાઓનુ વિતરણ કરી ૧૨૭ લોકોને હોમ કોરોનટાઇન કર્યા. પ્રાંતિજ ખાતે કોરોનાનો પ્રથમ કેસ મળી આવતા જિલ્લા સહિત સ્થાનિકતંત્રમા દોડધામ મચી જવા પામ્યું હતું. બીજા દિવસે જિલ્લા આરોગ્ય અધિકારી રાજેશભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ તપોધન ફડી ખાતે આવી સ્થળ મુલાકાત લીધી હતી અને રહીશોને સાથે વાતચીત કરી હતી અને ઘરોમા રહેવા તથા માસ્કનો ઉપયોગ કરવા તથા ઘરમા પણ અવારનવાર સાબુથી હાથ ધોવા સહિતની આ રોગ વિષય માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આરોગ્ય ટીમ દ્વારા માહિતી પત્રિકાઓનુ પણ વિતરણ કરવામાં આવ્યું હતું, આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ૧૨૭ જેટલા લોકોને હોમકોરોન્ટાઈ કર્યા હતા અને હાથ ઉપર હોમ કોરોન્ટાઈનના સિકકા મારવામાં આવ્યા. પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત દ્વારા પોલીસનો ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, તાલુકા હેલ્થ ઓફિસર ડાં. આર.કે. યાદવ, ડાં. ચંદ્રાબેન પરમાર, નવીનભાઈ પટેલ, આર.જે. ઝાલા સહિતના આરોગ્ય અધિકારી ટીમ ઉપસ્થિત રહી હતી.

# અરવલ્લીમાં વધુ એક કેસ, જિલ્લાનો કુલ આંક ૧૦૩

**ધનસુરાના આમોદરા ગામના ૫૫ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ**

ધનસુરા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં કોરોનાનાનો વધુ એક કેસ પોઝિટીવ નોંધાયા છે. ધનસુરા તાલુકાના આમોદરામાં ૫૫ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જેને લઈને આમોદરા ગામને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યું છે.

જિલ્લામાં રોજે રોજ છુટા છવાયા કોરોનાના કેસ પોઝીટીવ આવી રહ્યા છે ત્યારે ધનસુરાના આમોદરા ગામના ૫૫ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. જેના પગલે આ ગામના ૫ કિ.મી. વિસ્તારને બફરઝોન જાહેર કરાયો હતો. તકેદારીના ભાગ રૂપે ધનસુરા તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ ધ્વારા દર્દીને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. આરોગ્યતંત્ર ધ્વારા સેનેટાઈઝિંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્ર ધ્વારા આ વિસ્તારોમાં કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યો હતો અને અવર જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં કોવિડ-૧૯ના આજ દિન સુધી કુલ-૧૦૩ પોઝીટીવ કેસ નોધાયેલ છે. તે પૈકી કુલ - ૭૬ પોઝીટીવ દર્દીઓની સારવાર પૂરી થયા બાદ તેઓને કોવિડ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ધનસુરા તાલુકામાં ૨૧-૦૫-૨૦૨૦ના રોજ કોરોના ના ૪ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ફરી એક કેસ નોંધાયો છે. આમોદરા ગામમાં કેસ નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે આમોદરા ગામને કોવિડ-૧૯નો કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં પાંચ કિ.મી. વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રિનીંગ કરાશે. આ વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

## આરએસએસની જલારામ પ્રભાત શાખાએ નાલંદા-૨ માં ૩૫૦ પરિવારોને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કર્યું

કોરોના મહામારીની પરિસ્થિતિમાં સ્વસ્થ રહેવા ગુજરાત સરકાર ઘોષિત, હુ છું કોરોના વોરિયર અભિયાનના ભાગરૂપે આયુર્વેદિક ઉકાળાનું નાલંદા-૨ સોસાયટીમાં ઘેર ઘેર વિતરણનો



કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ હતો. જેમાં ૧૫૦૦થી વધુ લોકોએ આયુર્વેદિક ઉકાળાનો લાભ લીધો હતો. આ ઉકાળા વિતરણ કાર્યક્રમ આરએસએસની જલારામ પ્રભાત શાખા અને આયુર્વેદ વિભાગ મોડાસાના સહયોગથી યોજાયો હતો જેમાં ડૉ. રીનાબેન અસારી અને ડૉ. ચંદ્રપાલસિંહ ચૌહાણના માર્ગદર્શનમાં દેવરાજભાઈ પુરોહિતે આયુર્વેદિક ઉકાળો બનાવ્યો હતો. ઉકાળા વિતરણમાં નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ અને કોર્પોરેટર રૂપેશ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા.

નાલંદા ૨ ટાઉનશિપના પ્રમુખ કરણસિંહ ડાભી, ઉપપ્રમુખ શહરેશભાઈ પટેલ, મંત્રી પ્રો. જગદીશ પ્રજાપતિ, કારોબારી સભ્યો સરોજભાઈ પટેલ, અમરતભાઈ પટેલ, અમિષભાઈ પટેલ, અતુલભાઈ પટેલ તથા સાગરભાઈ ઝાલા, નિર્મલભાઈ પટેલ એ પણ ઘેર ઘેર વિતરણની વ્યવસ્થામાં સક્રિય કામગિરી નીભાવી કોરોના વોરિયર અભિયાનને સફળ બનાવ્યુ હતુ.

નગર કાર્યવાહ ડો. બ્રિજેશભાઈ ચન્દ્રરાવ અને સામાજિક સમરસતા જિલ્લા અધ્યક્ષ ચન્દ્રકાંતભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આરએસએસના શાખાના સ્વયંસેવકો દ્વારા આયોજિત રોગપ્રતિકારક શક્તિ વધારવાના આ આયુર્વેદિક ઉકાળાના ડોર ટુ ડોર વિતરણ કાર્યક્રમની ટાઉનશીપના સૌ રહીશોએ પ્રસંશા કરી હતી.



## મોડાસા ટાઉન પોલીસે કતલખાને પહોંચે તે પહેલા ૭ પશુઓને બચાવી લીધા

**બે શખ્સોની ધરપકડ, એક આરોપી ફરાર**

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાંદ ટેકરી અને રાણાસૈયદ વિસ્તારમાં ગેરકાયદેસર કતલખાના ધમધમી રહ્યા



હોવાની વારંવાર બૂમો ઉઠી રહી છે. મોડાસા ટાઉન પોલીસે માજુમ નદીના કિનારે ઝાડી-ઝાંખરામાં કતલખાને ખસેડવા બાંધી રાખેલ ૫ ગૌવંશ અને ખાલીકપુર નજીકથી છોટા હાથીમાં કતલખાને લઈ જવાતા બે બળદ સાથે બે શખ્સોની અટકાયત કરી ૨.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

લોકડાઉનની અમલવારીમાં વ્યસ્ત બનેલી પોલીસનો લાભ અસામાજિક તત્વો લઈ રહ્યા છે. મોડાસા ટાઉન પીઆઈ સી.પી. વાઘેલા અને તેમની ટીમે માજુમ નદીના કિનારે ઝાડી-ઝાંખરામાં બાવળના ઝાડ સાથે બે ગાય અને ત્રણ બળદ બાંધી રાખી કતલ માટે બાંધી રાખ્યા હોવાની બાતમી મળતા રેડ કરી ૫ ગૌવંશને બચાવી લીધું હતું. પોલીસરેડ જોઈ કસાઈ ઈશાક હસન મુલતાની ફરાર થઈ જતા ૨ ગાય અને ત્રણ બળદ કીં. રૂ. ૬૫૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કસાઈને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## કોરોનાના પોઝીટીવ કેસ વિસ્તારની મુલાકાતે સાબરકાંઠા કલેકટર

**ખેડબ્રહ્મા તાલુકાના તેમજ વિજયનગર તાલુકાના ગામોની લીધી મુલાકાત**

ખેડબ્રહ્મા, તા. ૨૩

ખેડબ્રહ્મા તાલુકાના નાકા, લક્ષ્મીપુરા તથા વિજયનગરના ચિઠોડા તથા લીમડા ગામમાં કોરોના વાયરસના પોઝેટીવ કેસ મળી આવતા આજે સાબરકાંઠા જીલ્લા કલેક્ટર સી.જે. પટેલ તથા જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજેશ પટેલે ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.





મુલાકાત દરમ્યાન કોરોનાને પહોચી વળવા માટે જનરલ હોસ્પિટલમાં કઈ કઈ સુવિધાઓ છે ? તેમજ પીપીઈ કીટ અને પુરતો સ્ટાફ તેમજ આઈશોલેશન વોર્ડમાં શુ તૈયારીઓ છે ? વિગેરેની સમીક્ષા કરી અને આવાં કપરાં સંજોગો માં આ રોગ સામે લડવા માટે માર્ગદર્શન આપ્યુ હતુ.